ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ઘરનું છે વાસણ ખખડવું જોઇએ
ઉંબરો આવે અટકવું જોઈએ.
બંધ દરવાજા ભલે ઘરના રહ્યા;
દ્વાર ભીતરનું ઉઘડવું જોઈએ !

- આબિદ ભટ્ટ.

### પાથેય

- રમેશ ઠક્કર

## ઈશ્વરનું એન્ટેના...

વિસ્મય એ કોઈપણ કાવ્યનો પ્રાણ છે.ગઝલ માટે તો એ આગવો ગુણ છે.કવિ કેટલુંક દૂરનું જોઇ શકે છે.એની પાસે છઠ્ઠી ઈન્દ્રિય હોય છે.કોઈકે સરસ કહયું છે કે 'કવિ એટલે ઈશ્વરનું એન્ટેના !'. આજના સમયમાં કહેવું હોય તો કહી શકાય કે કવિ એટલે ઓલટાઈમ પ્રાપ્ત થતું નેટવર્ક ! જે અવનવી અજાયબીઓનો સતત અહેસાસ કરાવતો રહે છે..આપણે જે બાબતને સીધેસીધો માનીને સમાધાન કરતા રહીએ છીએ એવી બાબતમાં એ પોતાનો આગવો અભિગમ અપનાવે છે.'મિલે ના ફુલ તો કાંટો સે દોસ્તી કર લી..ઈસી તરહસે બસર હમને જિંદગી કર લી !' આવો ભાવ એક ગીતકાર જ વ્યકત કરી શકે ! આમાં સમાધાન ચોકકસ છે એ સાથે એક ઉંચી જીવનસમજણ પણ છે.

સંવેદનાને જ્યારે કલાનો સાથ મળે છે ત્યારે એ કાવ્ય કંડિકા બની જાય છે 'દુઃખ, આંસુ,દર્દ,ઊદાસી,વેદના..જીવવા માટે જુઓ કેવો સરસ સામાન છે..'આવુ જયારે શેખાદમ આબુવાલા કહે છે ત્યારે એમાં કવિદ્રષ્ટિની સાથે મૌલિક દર્શન પણ રહેલું છે. આપણા અસબાબની યાદીમાં મહદઅંશે ભૌતિક અને સ્થૂળ ચીજોની બોલબાલા જ રહેલી હોય છે..કવિ માટે જીવવાનો સામાન અલગ હોય છે..અને એટલે જ એની શબ્દ સજાવટ સહુ કોઈને સ્પર્શી જતી હોય છે..

આપણો વૈભવ એટલે ધન સંપત્તિ ઐશ્વર્ય બંગલા નોકરચાકર....એવું બધું. પરંતુ બાહય રીતે આકર્ષક લાગતી આ સ્વપ્રસ?ષ્ટિ અંતે તો દુઃખદાયી જ હોય છે..એનું સુખ ક્ષણિક અને સ્વાર્થમય સ્થંભો ઊપર આધારિત છે..અમુક માણસોની વાત નિરાળી હોય છે.. 'પરેશાની જ રાહત છે.'એવું જયારે 'કલાપી' કહે છે ત્યારે એમાં ખુમારી પ્રગટે છે.આપત્તી જ માણસનું ઘડતર કરે છે..આપણી ઉપાધિ જયારે સમાધિ બની જાય છે ત્યારે એમાંથી જે અર્ક નિકળે છે એ સાચો જીવનસાર હોય છે..વિટંબણાઓ અને વમળો વચ્ચે વિકસતું વ્યકિતત્વ હંમેશાં વિરલ હોય છે..

જીવતા રહેવાનો એ પુરાવો છે કે આપણે કોઈને કોઈ ભૂલ કરતા રહીએ છીએ.માણસ અનુભવની એરણે ઘડાતો રહે છે..સમજણ છે તો કોઈકની સાથે મતભેદ પણ થઈ શકે..સતત કોઈકના સહવાસમાં રહેવાથી પરસ્પરની મર્યાદાઓ નજીકથી અનુભવાય છે..અતિ પરિચયનો પણ એક ઉબકો આવી જતો હોય છે..ડુંગરા દૂરથી રળિયામણા લાગતા હોય પરંતુ નજીક જતાં જ ઘણીવાર આપણું ભ્રમનિરસન થઈ જાય છે..ભેગાં રહેતાં વાસણો પણ એકબીજા સાથે અથડાય છે..આપણે તો સજીવ માણસો છીએ..આવું થવું સહજ છે..પરંતું એની એક મર્યાદા અંકાઈ જાય તો જીવનનો લય પાછો ગોઠવાઈ જાય છે..કવિ કહે છે એમ ઉંબરો ના ઓળંગે ત્યાં સુધી આવી ઘટનાઓ કોઈ નુકસાન કરતી નથી.

જગતમાં બાહયાચારનું મહિમાગાન થતું રહે છે..કવિ કે લેખક આપણને સુક્ષ્મ સંસારની ઝાંખી કરાવી છે.આપણે બહારના પડદા ખોલી આત્મસંતોષ માનતા રહીએ છીએ પણ અંતરના પડદાનો ઉઘાડ ના થાય ત્યાં સુધી સાચી રોશની અનુભવી શકાતી નથી..બહાર દેખાતું અફાટ આકાશ..વિશાળ ધરતી કે વ્યાપક જગત આપણી નજર થાકી જાય ત્યાં સુધી પથરાયેલું જોવા મળે છે..પરંતું સાચી જાહોજલાલી, વૈભવ કે ઝળહળતી તો આપણી ભીતર ભરેલો હોય છે..આપણી અંદર ચેતનાનો એક નકૂચો બરાબર ભીડાઈને એને અવરોધી રહ્યો હોય છે..કોઈ કવિ કે સંતની એકાદી વાત ભીતરના એ અંતરાયને આસાનીથી ઉઘાડી નાખે છે..અને એ પછી અનુભવાતું જગત એ જ સાચું જગત હોય છે !

# એક્ઝિટ પોલની પોલંપોલ અને શક્યતાઓ

**તંત્રીસ્થાનેથી...**

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પૂર્વે યોજાયેલી અને ખેલજગતની ભાષામાં 'સેમી ફાઈનલ' ગણાતી રહેલી પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થઈ ગઈ છે જેની મતગણતરી આવતીકાલે - દસમી માર્ચે યોજાશે. ખરાં પરિણામ તો મતપેઠીઓ જ પોકારશે પણ માનવીની કુતૂહલવૃત્તિ એને ધારણાઓ બાંધવા મજબૂર કરતી રહી છે એ ન્યાયે સટોડિયાઓથી લઈ એક્ઝિટ પોલ તજજ્ઞો એમનાં તારણો રજૂ કરતા હોય છે. 'એક્ઝિટ' એટલે બહાર નીકળવું. મત આપીને બહાર નીકળતાં મતદાતાને સીધો જ પકડી લી એની પાસેથી 'કોને મત આપ્યો' તેની માહિતી મેળવવામાં સીધેસીધું નામ ના પાડે તો પણ એની રજૂઆત પરથી વલણ તો જરૂર જાણી શકાય. આવા ઉપક્રમો ઘણી વાર સાચા પડ્યા છે અને કેટલીવાર ખોટા પણ પડ્યા છે. વળી આ ફક્ત 'રેન્ડમ સેમ્પલ સરવે' જ બની રહે છે. કારણ કે કુલ મતદાતાઓનો અભિપ્રાય તો નથી જ મેળવી શકાતો. પરંતુ વૈજ્ઞાનિક-મનોવૈજ્ઞાનિક - ગાણિતિક સમીકરણોથી કરતાં આવા સર્વેક્ષણો રસપ્રદ હોય છે તેમ સૂચક પણ બની રહેતાં હોય છે. ચૂંટણી પ્રચારના પણ તબક્કા હોય છે. વળી સુવિધા ખાતર કહો કે શાસક પાર્ટીની અનુકૂળતા અને કેન્દ્ર સરકારના ઈશારે ચાલતા ચૂંટણી પંચની વ્યવસ્થાને આધારે આ વખતે ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજયની ચૂંટણી પાંચ તબક્કાઓમાં વહેંચાઈ હતી. દેખાતું છે કે એથી આચારસંહિતા મુજબ પ્રચારબંધીનો સમય હાસ્યાસ્પદ જ બની રહે. જ્યાંથી એક તબક્કાનો પ્રદેશ સમાપ્ત થતો હોય તેની નજીકની બેઠક પર તો પ્રચાર ચાલુ જ હોય! એ તમામ બાબતો નજરઅંદાજ કરીએ તો પણ ઉત્તરપ્રદેશમાં આ વખતે ભારતીય જનતા પાર્ટીના પુનઃસ્થાપન માટે જે ધુંવાધાર રેલીઓથી લઈ મુદ્દાઓ રજૂ થયા છે તે ભારતીય જનતા પાર્ટીના પગ નીચેથી ખસી રહેલી જમીનના જ સંકેત સમાન હતા. કાશી વિશ્વાનાથ દેવાધિદેવ મહાદેવ, શ્રીકૃષ્ણ અને હનુમાન જેવા દેવતાઓથી લઈ ગરીબડી ગૌ માતાને ચૂંટણી મેદાનમાં ઘસડી લાવ્યા પછી પણ 'યોગી સરકાર ફિર એક બાર' પુનઃ સ્થાપિત ન થાય તો એકી સાથે મોદી-યોગી અને અમિત શાહ - ત્રણેયના નાકની પ્લાસ્ટિક સર્જરી કરાવવાની નોબત આવે. મુલાયમ પુત્ર પ્રત્યે પ્રદેશમાં જે જુવાળ સરજાયો હતો તે કદાચ મતપેટીઓ સુધી પૂરેપૂરો ન પણ પહોંચે - પરંતુ એક યુવા નેતાએ કેન્દ્ર અને રાજય સરકાર સામે એકલા હાથે ખાંડાં ખખડાવ્યાં એની તો ખુદ મોદીએ પણ નોંધ લેવી જ પડશે. ઔવેસી, માયાવતી અને પ્રિયંકાએ આડકતરી રીતે મોદીને જ મદદ કરી છે, કારણ કે એમની પાર્ટીઓએ દલિત - મુસ્લિમ વોટબેંકમાં અને હિંદુત્વ એજન્ડા વિરુદ્ધમાં મતદાન કરનારા મતદાતાઓમાં જ ગાબડાં પાડી સમાજવાદી પાર્ટીના ઉમેદવારોને નુકશાન પહોંચાડ્યું છે. એક્ઝિટ પોલ ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકારની આગારહી કરે છે જયારે સપા નેતા અખિલેશથી લઈ એમની કુમકે દોડી આવેલા બિહારી લાલુનંદન ઘણા આશાવાદી છે. પંજાબમાં 'કેજરી સરદાર' ની સરકાર આવે તો નવાઈ ન જ લાગવી જોઈએ કારણ કે કોંગ્રેસને નવજોત સિદ્ધુ ડુબાડીને જંપશે એવું તો સૌને લાગતું જ હતું. ગોવામાં કોંગ્રેસ પુનઃ પ્રગટી શકે એવું અને ઉત્તરાખંડમાં હરીશ રાવતની ગુડવિલ લેખે લાગે તો કોંગ્રેસની નવી નેતાગીરી ફાલીફૂલી ફરી શકશે પણ ઉત્તરપ્રદેશના નામનું તો એણે નાહી જ નાખવું રહ્યું. મણિપુર જેવા પૂર્વોત્તર રાજયમાં આસામ પેટર્ન પર ભાજપની શાસનની નવી આવૃત્તિ સાંપડી શકે, જો કે એની કેન્દ્રીય અર્ધલશ્કરી બળોને અપાયેલી અમાપ સત્તા સામેની લડત ચાલુ જ રહેશે. ગોવધ જેવા મુદ્દે પૂર્વોત્તરનાં રાજયો કયારેક ભાજપની વિચારધારા સાથે સહમત થવાનાં નથી એ તો કિરણ રિજુજુ જેવા એના અનિવાર્ય બની ગયેલા કેન્દ્રીય મંત્રીનાં નિવેદનો પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. 'આપ' માટે દિલ્હી બહાર બારી ખૂલશે તો તે લોકશાહી માટે સારું લક્ષણ ગણાશે. અરવિંદ કેજરીવાલ પર એમના અદેખા કવિમિત્ર દ્વારા લગાવાયેલા આરોપો માત્ર હાસ્યાસ્પદ જ બની રહેશે. ખાલિસ્તાન સમર્થક જૂથ કેજરીવાલ સાથે સંપર્કમાં રહી એમને પંજાબમાં સ્થાપિત કરતું હોય તો એ જરૂર ગંભીર બાબત છે, પણ એમ તો હિંદુત્વ સમર્થક જૂથો - 'હિંદુ રાષ્ટ્ર' માટે મથકા અનેક સારા અને સંપન્ન વિદેશવાસીઓ મોદીજીને પણ સમર્થન આપતા જ રહે છે ને ! એમની ઈચ્છાથી 'હિંદુ રાષ્ટ્ર' નથી બની શક્યું એમ કેજરી સમર્થકો કેનેડા-અમેરિકામાં બેઠાં બેઠાં હિંદુસ્તાનમાંથી અલગ ખાલિસ્તાન કંડારી શકતવાના નથી તે નક્કી છે.

# ફિલ્મ સમીક્ષક જયપ્રકાશ ચૌકસેની વિદાય...






ભલે, વિષય સિનેમાનો હોય પણ રોજ એ વિષય પર સાતત્યપૂર્વક લખવું એ પણ એક મોટો પડકાર હોય છે. કોરોના જેવા કાળમાં જયારે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ બંધ હતી ત્યારે વાત પણ શું કરવી ! પરંતુ જયપ્રકાશ ચૌકસેએ સિનેમા વિશે અખબારમાં સાતત્યપૂર્વક લખ્યું અને ફિલ્મ સમીક્ષક તરીકે નામના મેળવી હતી. આ સમીક્ષકે ૦૨, માર્ચ, ૨૦૨૨ના દિવસે આપણી વચ્ચેથી વિદાય લીધી. સલીમ-જાવેદની જોડીમાંથી સલીમ સામેથીની મૈત્રી એમની જાણીતી હતી. એમણે વિદાય લીધી અને એકાદ સપ્તાહ પૂર્વ એમણે 'દિવ્ય ભાસ્કર'માં ચાલતી એમની કોલમ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. કેન્સરના છેલ્લા સ્ટેજ પર તેઓ હતા અને આખરે કોલમ પણ બંધ થઈ અને એમના શ્વાસો પણ અટક્યા.

૧ સપ્ટેમ્બર,૧૯૩૪માં મધ્યપ્રદેશના બુરહાન પુરામાં એમનો જન્મ થયો હતો. ફિલ્મ સમીક્ષક ઉપરાંત એમણે 'શાયદ', 'કત્લ', 'વો મેરા નામ', 'બોડીગાર્ડ' જેવી ફિલ્મોની પટકથા પણ લખી હતી. 'પરદે કે પીછે' અને 'સિનેમા કા સચ' એમનાં આ ક્ષેત્રનાં મહત્ત્વપૂર્ણ પુસ્તકો છે. ફિલ્મ સમીક્ષક તરીકે તેઓ આરપાર લખતા હતા. કેટલાક માટે એમની કોલમનું વળગણ હતું અને એ માટે જ એ 'દિવ્ય ભાસ્કર' જેવું છાપું વાંચતા હતા. ફિલ્મ સાથે સંકળાયેલા કે કયારેક સમાજ સાથે સંકળાયેલા કોઈ મુદ્દાનું એવું વિશ્લેષણ રસપ્રદ વાચન સામગ્રી બની રહેતું.

ફિલ્મ સમીક્ષક તરીકે એમનું મહત્ત્વપૂર્ણ કાર્ય 'મહાત્મા ગાંધી ઔર ભારતીય સિનેમા' હતું. આ મહત્ત્વપૂર્ણ ગ્રંથમાં એમને ગાંધી યુગ અને સમયનું વાતાવરણ અને એનો પ્રભાવ સિનેમા પર કઈ રીતે પડ્યો એનું આકલન કર્યું છે. આ ગાંધી પ્રભાવ ગાંધી યુગ પૂરતો સીમિત રહ્યો નહોતો. 'સ્વદેશ' કે 'લગાન' જેવી ફિલ્મો પર પણ ગાંધી પ્રભાવ કેવી રીતે હતો એનું વિશ્લેષણ પણ એ કરે છે. આ વિશ્લેષણ એ બિલકુલ નિષ્પક્ષ રહીને કરે છે. જયપ્રકાશ ચૌકસે સિનેમાનું આકલન કરવાની સાથે સાથે સમાજમાં બનતી ઘટનાઓ અને આંદોલનને પણ સાથે જોડે છે. પરિણઆમે, એમની કોલમ, એમનું લખાણ રસપ્રદ બની રહે છે.

જયાં ટીકા કરવાની હોય ત્યાં એ ટીકા પણ કરે છે. 'ગાંધીજીને કેન્દ્રમાં રાખીને બનેલી ફિલ્મોની ચિકિત્સા પણ એમણે કરી હતી.'

એમણે વિદાય લીધી એના એક સપ્તાહ પૂર્વે જ એમણે આ કોલમ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. મૃત્યુ છાના પગલે પણ સંકેત આપે છે, જેનો ખ્યાલ એમને આવી ગયો હતો. કૉલમ બંધ થઈને થોડા જ વખતમાં એમના શ્વાસ પણ અટક્યા ! એક ફિલ્મ સમીક્ષક તરીકે જયપ્રકાશ ચૌકસેનું પ્રદાન અવિસ્મરણીય રહેશે !

### દિન મહિમા

- ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ, (ગુજરાતી કવિ અને લેખક)

### આજનું ઔષધ

- આંખમાં ચૂનો કે એસીડ પડ્યો હોય તો આંખની અંદર અને બહાર ઘી ઘસવાથી શાંતિ થાય છે.

### ખડખડાટ

- એક નેતા ગામડામાં ગયા અને લોકોને પૂછ્યું કે, 'તમારી ગમે તે સમસ્યા હોય એ કહો....' ગામ લોકોએ કહ્યું કે ગામમાં બે સમસ્યા છે. એક તો ગામમાં ડોકટર નથી.
નેતાએ ફોન કાઢીને કોઈક સાથે વાત કરીને કહ્યું, 'હાલો એ સમસ્યા પતી ગઈ બીજી બોલો ?' ગામ લોકોએ કહ્યું બીજું એ કે, અમારા ગામમાં એકેય કંપનીનું મોબાઈલ નેટવર્ક નથી આવતું.

### આજનો વોટ્સએપ

- સમજ એટલે.... કયારેક જીદ કરવી ? અને કયારેક જતું કરવું એની આવડત.

# 'મળી જો જાય સુંદરતા માણવા એના ચહેરાની, છીછરી સાવ એ સ્વભાવે નીકળે એમ પણ બને'




આજે પણ કેટલાક લોકો કાળા ગોરાના આધારે જ જીવનસાથી પસંદ કરતા હોય છે.

જયારે એ હકીકત છે કે સમાજમાં એવા ઘણા વ્યક્તિ છે, કે જેમની ઓળખ કાળા અને સફેદ રંગની નહીં પરંતુ તેમની આવડત અને પ્રતિભાને આધારે થાય છે.

સુંદરતા આપણો પીછો નથી છોડતી.

આપણે આપણા માટે નહીં બીજાને બતાવવા જ બધું કરતા આવ્યા છીએ.

જોને કેવી લાગે છે? ત્યાંથી જ શરૂઆત થાય છે વાક્યની અને જીવનની.

શા માટે જાડી, શ્યામ છોકરી સુંદર નથી કહેવાતી.

કારણકે સુંદરતાની વ્યાખ્યા આપણે એટલી જ જાણીએ છીએ કે રંગ ગોરો હોવો માત્ર.

આંતરિક સુંદરતા, સ્વભાવ, ચાલચાલન કે આવડત કશું જ નહીં, માત્ર ગોરી ચામડી.

દરેક લોકો આ સુંદરતાના જ દીવાના હોય છે.

અને એડ ફિલ્મો પણ સુંદર જ છોકરીઓ ને લઈને જ બનાવાય છે અને માત્ર સુંદર બનવાની જ કેટલી જાહેરાતો આવે છે, અવનવી ફેરનેસ ક્રીમ, ફેસ પેક, પરફયુમ અને સાબુ.

ટ્રાફિક જામ હોય અને એક લાંબા, સિલ્કી વાળ વાળી, ફેરનેસ ક્રીમ લગાવીને આવેલી સ્ત્રી ટ્રાફિક કાબુમાં કરે. એની સુંદર ત્વચાના કારણે..

કેટલું હાસ્યાસ્પદ.

ઓફિસમાં મિટિંગ હોય અને સુગંધી ડીઓડ્રન્ટ લગાવીને આવે અને ડીલ સાઈન થઈ જાય.

તો બીજી બાજુ સાબુ લગાવે અને ઉંમરનો ખ્યાલના આવે આવી જાહેરાતો જોવા ટેવાયેલા આપણે હકીકતને સ્વીકારી નથી શકતા.

કે આવી જ છેતરામણી જાહેરાતોની જેમ જ આપણે છેતરાઈએ છીએ બાહ્ય સુંદરતા. પાછળ સુંદરતા લાંબો સમય ટકતી નથી.સિવાય કે આંતરિક સુંદરતા.

'સુંદરતા એટલે અંદરથી અનુભવતાથી ખુશી જેને શરીર સાથે કોઈ નિસ્બત નથી'

એક લીલું પર્ણ પણ સમય જતા પીળું થઈ ખરી પડે છે.

કારકિર્દીની સફળતા અને સુખી લગ્નજીવનમાં સુંદરતાકરતા બીજા ઘણા સારાં પાસા હોય છે, પણ એ જોવા માટે આપણી આંખો પર કાળા ચશ્મા સમાજે જ બાંધી દીધા હોય છે.

આજ કારણોસર આપણી નજર હમેશા સુંદરતા ને જ જોવે છે.

'હોય સગપણ સાચા તો આખરે લાગણી જન્મે
બે હૈયાના અભાવ માં ઘાવ ઊંડા નીકળે એમપણ બને'

જો કોસ્મેટીકની જાહેરાત સાચી હોય તો દરેક સ્ત્રીને આઈ લાઈનર, લિપસ્ટિક, અને ફેરનેસ ક્રીમ આપી દેવાય તો સફળતા મળી જાય અને ખુબસુરતી પણ. કોઈકને સારુ લાગડવા માટે, બીજા માટે શો પીસ બનવા માટે મેકઅપ પાછળ પૈસાની નોટ આપતી વખતે એકવાર જો ગાંધીજી તરફ નજર જાય તો એ યાદ આવે કે આ જ ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં રંગ ભેદભાવ સામે મોટી લડાઈ લડી હતી.

અને છતાં પણ હજુ આ ભેદભાવ રહ્યો છે.

આપણે આજે આ સદીમાં જીવી રહ્યા છીએ પરંતુ આજે પણ અમુક માનસિકતા આપણો સાથ છોડતી નથી.

હવે સમય બદલાઈ ગયો છે અને જ્યાં ગોરા લોકો માટે જે શક્ય છે તે કાળા લોકો માટે પણ શક્ય બને છે.

કાળા હોવાની વેદના કરડવા લાગે છે, રોજેરોજ કાળા ધોળાની તુલનામાં શરીરમાં ધીરે ધીરે દરરોજ એજ કાને પડઘા અને વરાળ જેમ ઉકળી ઉઠાતું હશે.

અલંકાર એટલે ઘરેણું.

'સુંદરતામાં અભિવૃત્તિ કરે છે અલંકાર'.

પણ અલંકારના બે પ્રકારે હોય છે, નજર આપણી કોના પર હોય છે એ ના પર આધાર.

શબ્દાલંકાર અને અર્થાલંકાર. ભાષાની સુંદરતા અલંકાર થી શોભે છે તેમજ મનુષ્ય પણ અલંકાર થી શુસોભિત હોય છે,

અલંકાર બાહ્ય અને આંતરિક હોય છે, આપણને બાહ્ય દેખાવથી આકર્ષણ થાય છે. આપણે બાહ્ય ચમકૃતિથી મોહિત થઈએ છીએ.

ખરેખર શું આજ સાચી સુંદરતા છે?

સુંદરતા જોઈને માણસ લોભી, ક્રોધી, દયાળુ છે કે સારો એ નથી જાણી શકાતું.

એ ખ્યાલ ત્યારે જ આવે જયારે એને અંદરથી ઓળખીએ.

ઊંડાણમાં સમજવાથી સાચું રૂપ છતું થાય છે.

છોકરી મોટી થવા આવે ત્યાં જ પ્રમાણપત્ર મળતા જાય અને જો એ બધી રીતે અવ્વલ હોય પણ એ શ્યામ હોય તો જાણે અસ્તિત્વ પેલેપાર ફેંકાતું જાય.

મહિલા દિવસ આવ્યો અને મોટી મોટી વાતો થવા લાગી પણ હજુ આપણો સમાજ પુરુષ પ્રધાન છે અને પહેલી પ્રાયોરિટી સુંદરતા ને જ આપશે.

ઘણા પુરુષો માટે સ્ત્રી માત્ર ભોગવટાનું સાધન હશે.લગ્ન સંબંધ અથવા એક સ્ત્રી અને પુરુષનાં સંબંધનું વર્તુળ નક્કી થાય એટલે પેહલો પ્રશ્ન એ જ થાય કે છોકરી કેવી લાગે છે?

પોતાનો છોકરો ભલે રખડુ,પડીકી ખાતો, મોડો ઘેર આવતો અને ભણવામાં ડફોળ હોય, બીબા જેવો, કે ગોળ મટોળ હોય પણ એના માટે છોકરી તો દેખાવડી જ જોઈએ.

જીવનસાથીની જાહેરાત વાંચીએ ત્યારે એમાં લખ્યું હોય કે દેખાવડી, ઊંચી, સંસ્કારી, ભણેલી છોકરી જોઈએ છે.

કોઈ ક્યારેય એવું નથી લખતું કે પાતળો દુબળો ઓછો ભણેલો, શંકાશીલ છોકરો છે અમારો.

ચાલો સમજીએ કે દરેક માતાપિતા માટે સંતાન રાજકુમાર જ હોય છતાં આ હકીકત સ્વીકારવી જ રહ્યું.

જીવનસાથીની જાહેરાતમાં એવું નથી લખતા કે છોકરી હસાવી શકે એવી અને જિંદાદિલ હોવી જોઈએ, સપનાથી ભરપૂર.

તો જિંદગી જિંદાદિલ બનાવવી હોય તો સુંદરતાનું સાચું માપદંડ સમજવું રહ્યું.

સુંદરતા જોનાર પર અવલંબે છે બાકી કહેનારાને તો ચાંદમાં પણ ડાઘ દેખાય છે, અને ડાઘ વાળા ચાંદમાં પણ સુંદરતાના દર્શન થાય છે.

# વાંચન પોતે એક એવી પ્રક્રિયા છે જે તમારી જાણ બહાર તમને અંદરથી ઘડે છે




આ દુનિયામાં સૌથી અઘરું જો કોઈ કામ હોય તો તે કામ છે જાત સાથે વાત કરવાનું. આજે ગાંધીનગરના પોતાના વર્તમાનપત્ર ગાંધીનગર સમાચારમાં કોલમ લખવાનું અમંત્રણ એ હરખની ઘડી કહેવાય કોઈ પણ માટે. પરંતુ મારે માટે અસમંજસની સ્થિતિ આવી ઉભી. કારણ માત્ર એટલું કે ગાંધીનગર સમાચારના આ સ્થાને વર્ષોથી કોલમ લખતા શ્રી નટવરભાઈ હેડાઉનું એકાએક અવસાન થયું, અને મારે એમનું સ્થાન શોભાવવાનું આવ્યું. આ ક્ષણે મને માત્ર એક શેરના કારણે ગુજરાતી સાહિત્યમાં પોતાનું અવિચલ સ્થાન બનાવી ગયેલા શ્રી 'ઓજસ' પાલનપુરીનો એક અમર શેર યાદ આવી ગયો.

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

કેટલી દુઃખદ બાબત, છતાં પણ સત્યની કેટલી નજીકની વાત આ કવિ માત્ર બે લાઈનમાં કહી ગયા છે. અને ભલે જીવનનું આ કડવું સત્ય છે કે સમયની સાથે બધું જ વિસરાતું જાય, અને સ્વ. શ્રી નટવરભાઈના અસ્તિત્વની આંગળી ભલે તેમની વિદાયથી સમયના જળમાંથી નિકળી ગઈ, પરંતુ એમના સ્નેહીઓ, સ્વજનો અને તેમની કલમના ચાહકોને તેમની હાજરી સદૈવ વરતાશે. મારી કોલમની શરુઆત સ્વ. શ્રી નટવરભાઈને શબ્દાંજલીથી કરવી પડે છે તેનું દુઃખ પણ છે, પરતુ જીવનમાં આગળ વધતા રહેવું એ કુદરતનો અફર સિદ્ધાંત પણ છે.

આ દૂનિયામાં અનેક પ્રકારના વાંચન થાય છે. તમને થશે કે વાંચનના પ્રકાર ? હા, સહિત્યના જેમ અનેક પ્રકાર છે તેમ જ વાંચન કરવાના અનેક હેતુઓ હોય છે. એ હેતુઓને પણ હું વાંચનનો પ્રકાર જ માનુ છું. ઘણા લોકો માત્ર સમય પસાર કરવાના હેતુથે વાંચતા હોય છે, તો ઘણા લોકોને વંચન થકી પોતાના જ્ઞાનને સમૃધ્ધ કરવાની તાલાવેલી હોય છે. ઘણા લોકો વાંચનથી પોતાના જ્ઞાનને સંવર્ધિત કરીને આ સંચિત જ્ઞાનનો ઉપયોગ બીજને પ્રભાવિત કરવા માટે કરે છે. પરંતુ મારી વાંચન યાત્રાનો શરુઆતમાં કોઈ જ ઉદ્દેશ્ય નહોતો. પરંતુ મારુ વાંચન મારા જ્ઞાનને સમૃદ્ધ કરવાની સાથે સાથે મારી સંવેદનાઓને પણ ઝકઝોરી નાંખતુ હતું. સાહસ કથાઓના નાયકોની સાથે સાથે હું પણ સાહસ યાત્રાઓ કરતો, તેના ખલનાયકો અને તેમના ખરાબ કૃત્યો બદલ મને તેમના પર ચીડ ચડતી, વિદેશી કરૂણ નોવેલોના સજ્જન લોકોને જીવનમાં આવી પડતી હાડમારીઓ અને દુઃખોના કારણે મારો પણ અંતરાત્મા કકળી ઉઠતો અને જ્યારે અંતે સત્યમેવ જયતેના સિદ્ધાંત મુજબ નાયકનો ખલનાયકો સામે વિજય થતો ત્યારે હું પણ હરખાઈ જતો !

આમ વાંચન માત્ર મનોરંજનનું સીધું સાદુ માધ્યમ બનીને રહી ન જતાં, વાંચન માણસની અંતરની આંખો, અરે ચક્ષુઓ જ કહોને, ખોલી નાખે છે. જે લખાણ, સાહિત્ય, કે સર્જન વાચકને હચમચાવી ન મુકે, તેને હસાવે, રડાવે, તેને બાદશાહી કે ફકીરીનો અનુભવ નથી કરાવી શકતું, તો સમજવું કે તમે મનથી લખી રહ્યા છો, દિલથી નહીં.

આપણે આપણા સ્વાનુભવોને લખાણ સ્વરૂપે બીજા સાથે શેર કરવા પ્રેરાઈએ છીએ, જેથી શિખવા માટે સૌને તેવા અનુભવ કે તેવી જ સંવેદનયાત્રામાંથી પસાર થવાની જરૂર ન પડે. સર્જકો કે લેખકો જે કંઈ કહે છે, લખે છે તે માત્ર તેમની અંગત અનુભુતિ, અનુભવયાત્રા કે પછી વ્યક્તિગત સંવેદન જગત હોય છે. પરંતુ કોઈનું અનુભવ જગત બીજા માટે કદી ઉપકારક હોય જ એવું જરૂરી નથી હોતું. અને એટલે જ હું કહુ છું કે 'એકનું સત્ય બીજા માટે ધુળ સમાન પણ હોય અને કદાચ હીરા માણેક પણ હોય'. આજથી શરુ થતી આ કોલમ 'જાત સાથે વાત'માં હું અનેકવિધ વિષયો પર મારી જાત સાથેની વાતો, મથામણો અને દ્વંદને શબ્દસ્થ કરવા પ્રયત્ન કરીશ. મળતા રહીશું . . .

**હેન્ડ બ્રેક :**

વાંચન પોતે એક એવી પ્રક્રિયા છે જે તમારી જાણ બહાર તમને અંદરથી ઘડે છે.

djtrivedi@gmail.com